## સુપ્રભાતમ્



સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*હિંદુઓના મત માટે મંદિરોમાં કીટ આપો!*
*મુસ્લિમ મત માટે લાઉડસ્પીકર કીટ આપો!*
*'સીટ' આપો પટેલ - સમાજમાં બધાં મંદિરોને -*
*કરે ભલે બધા સમાજ ગુન્હા ક્લીનચીટ આપો!*
*(પક્ષોનું જ્ઞાતિવાદી વલણ)*

### હાઈકુ

*બાંધો ગૌશાળા,*
*બધાં જ એરપોર્ટ -*
*હિંદુ - સંસ્કૃતિ...*

*'હિંદુત્વ રેસ'*
*'સીટ' કીટમાં ફીટ -*
*'ધર્મ'થી ચીટ*

### ચિંતન

*વ્યસને વાર્થકૃચ્છ્રે વા ભયે વા જીવિતાન્તગે ।*
*વિમૃશંશ્ચ સ્વયા બુદ્ધ્યા ધૃતિમાન નાવસીદતિ ॥*

**ઉપરોક્ત શ્લોક કિષ્કિન્ધા કાંડમાંથી લેવામાં આવેલ છે.**

**ઉત્તમ બુદ્ધિ વડે વિચાર કરનારો ધૈર્યવાન પુરુષ પ્રિયજનોના વિયોગ સમયે દ્રવ્યાદિના વિનાશથી થતા કષ્ટના સમયે, ચોર વગેરેના ભયમાં તેમજ જીવિતનો અંત આણે એવા બીજા હર કોી સંકટના સમયે પણ પીડાતો નથી.**

**વાલ્મિકી રામાયણમાં રામચંદ્રજીની વિરહ વેદનાનું વર્ણન કરતાં સમજાવે છે કે વિરહનું દુઃખ બધું જ ભૂલાવી દે છે - ધનનો વિનાશ ભય, કષ્ટ, પીડા કંઈ જ અસર કરતાં નથી - સ્નેહીજનનો સાથ હોય તો સુખ જ હોય છે.**

### સુવિચાર

- મોજમસ્તીને કયારેય પેન્ડીંગમાં રાખવી નહીં... કારણ કે..
  સમયનું કયારેય રીઝર્વેશન થતું નથી ? - **પ્રેમ સુમેસરા**
- જીવનનો અર્થ 'સ્વ'ની શોધ નથી, પણ 'સ્વ'નું નિર્માણ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- રિએકશન એ એકથનનો પ્રત્યુત્તર છે, આપણે કેવી રીતે રિએક્ટ કરીએ છીએ તેના ઉપરથી આપણી સમજદારીનું માપ નીકળે છે - **જનકલ્યાણ**
- જે માણસ બીજાના કારણે સુખી નથી હોતો,
  એ સરવાળે તો પોતાના કારણે જ દુઃખી હોય છે - **કૃષ્ણકાંત ઉનડકટ**
- આ દુનિયામાં બધું કિંમતી જ હોય છે... મેળવ્યા પહેલા અને ગુમાવ્યા પછી... - **અફઝલ પેપરવાલા**
- જે દેશના ધર્મસ્થાનો તેના શૈક્ષણિક સંકુલ કરતા વૈભવી અને આધુનિક બનવા લાગે તો સમજવું કે... પ્રજા મુર્ખતા તરફ અને તે દેશ અધોગતિ તરફ આગળ વધી રહ્યો છે - **ઓશો**
- આજનું ઔષધ : બિલવાદી તેલના ટીપા કાનમાં નાખવાથી કાનની બધીરતામાં સુધારતો થાય છે.

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

તૈલંગ સ્વામી નામના પરમ સાધક કે જેમણે નેપાળના જંગલમાં રહી તપ કર્યું હતું.

એકવાર નેપાળનો રાજા જંગલમાં વાઘનો શિકાર કરવાના ઈરાદાથી નીકળ્યો. એક વાઘ એણે જોયો પણ વાઘ એમના હાથમાં આવતો ન હતો. જંગલમાં અદૃશ્ય થઈ જતો હતો. વાઘનો પીછો કરતાં કરતાં એક ગુફામાં ગયો. રાજાએ જોયું કે વિકરાળ વાઘ તો તૈલંગ સ્વામીના ચરણોમાં લપાઈને બેઠો હતો. અને એ વાઘ જાણે પોતાની બકરી હોય તેમ તૈલંગ સ્વામી તેને પંપાળી રહ્યા હતા. વાઘ અને સ્વામી જાણે વર્ષોથી એકબીજાના જોડીદાર હોય એવું દૃશ્ય હતું.

વાઘ થોડીવારમાં જંગલમાં ચાલ્યો ગયો પછી રાજાએ તૈલંગ સ્વામી કરી પૂછ્યું, 'સ્વામીજી આ તે કેવું ?, આવું વિકરાળ પશું પણ તમારી આગળ આમ ગરીબડું બની ને બેસે એ કેવી અજાયબી !!'

સ્વામીજીએ હસીને કહ્યું, 'રાજા, એમાં આશ્ચર્ય પામવાની કંઈ જરૂર નથી. તમારું હૃદય અહિંસા અને પ્રેમથી પૂરેપૂરું ભરેલું હોય તો તમે જેને વિકરાળ ગણો છો એ પણ વાત્સલ્ય ભર્યું બની જાય. તમે પ્રેમ કરશો તો એ પણ તમારી પર હેત વરસાવશે. આખરે આપણે બધા એક જ પરમપિતાનાં સંતાનો નથી શું ?'

તૈલંગ સ્વામીની વાત સાંભળી રાજાએ આજીવન શિકાર ન કરવાની પ્રતિજ્ઞા લીધી.

# રાજકીય શતરંજના આટાપાટા

**તંત્રીસ્થાનેથી...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સ્નેહીઓને તરછોડતા નથી અને વિરોધીઓને છોડતા નથી. એમની પ્રકૃતિમાં જ વણાઈ ગયેલો આ ગુણ તાજેતરની બે ઘટનાઓમાં પ્રતિબિંબિત થતો જોઈ શકાય છે. પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલને એમની ગરિમા મુજબ મધ્યપ્રદેશનાં રાજયપાલ પદે નિયુક્ત કરી એમણે વફાદારીનું જ ઈનામ આપ્યું છે. દિલ્હીના મુખ્ય મંત્રી અરવિંદ કેજરીવાલે અચાનક ગજા બહારનું કાઠું કાઢ્યું અને દિલ્હીની પ્રજાએ એમને ફરી વાર ભારે બહુમતી સાથે ચૂંટી કાઢ્યા. દંતકથા સમાં કિરણ બેદીને મુખ્યમંત્રી પદનાં ઉમેદવાર જાહેર કર્યા છતાં ભાજપ ઊંધે માથે ફટકાયું એટલું જ નહીં, ખુદ કિરણ બેદી માટે મોઢું બતાવવા જેવી સ્થિતિ ન રહી. કુલ ૭૦ પૈકી ૬૭ બેઠકો આમ આદમી પાર્ટીની ઝોળીમાં ઠાલવીને રાજધાનીના નાગરિકોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સીધો સંકેત આપી દીધો હતો કે જરૂર પડ્યે આ જ કેજરીવાલને રાષ્ટ્રીય ફલક પર ભાવિ વડાપ્રધાન તરીકે પણ અજમાવી શકાય એમ છે. મોદી આવા ઊગતા શત્રુને જીરવવા ટેવાયેલા નથી. એથી કેજરીવાલ સામે બંધારણીય સત્તાઓ ધરાવતા ઉપ રાજયપાલથી લઈ દિલ્હીના પોલીસ કમિશનર સુધીના તમામ હોદ્દેદારોએ કેન્દ્રના ઈશારે મોરચો માંડ્યો હતો તે સર્વવિદિત છે. કેજરીવાલ નવા સવા રાજકારણી હોઈ ઘણી બાબતોમાં કાચા પડ્યા - એમના અનેક સાથીઓને એક યા બીજા કેસમાં ફસાવી બદનામ કરી શક્યા. આખરે કેજરીવાલે સૂચક મૌન ધારણ કરી દીધું અને રાજય સરકારની મર્યાદામાં રહી કામ કરવા લાગ્યા પરંતુ લાભના પદ પર રહેનાર એમના ૨૧ ધારાસભ્યોને બરતરફ કરાવવામાં ભાજપને સફળતા સાંપડી છે. ચૂંટણી પંચ મોદીના ઈશારે કામ કરે છે કે નહીં તે બાબત અસ્થાને એટલા માટે ગણાય કે એણે તો પ્રસ્થાપિત પરંપરા મુજબ અને નિયમાનુસાર તે ધારાસભ્યોની ચૂંટણીને ગેરકાયદેસર ગણી છે. સોનિયા ગાંધી અને જયા બચ્ચનને પણ લાભનાં પદ મોંઘા પડ્યાં હતા અને એમણે પોતાના સાંસદ પદ પરથી રાજીનામું આપી ફરીથી ચૂંટણી લડવી પડી હતી. એ જુદી વાત છે કે ૨૧ ધારાસભ્યો બરતરફ થવાથી કેજરીવાલ સરકારને ઊની આંચ આવે એમ નથી; પરંતુ આ એક મોટો 'સોઈકોલોજિકલ શૉક' છે, જે આમ આદમી પાર્ટીની જનસાધારણ અન મતદાર સમૂહોમાં અત્યાર સુધી બચેલી શાખ પર અવળી અસર પાડી શકે છે. અલબત્ત, ફેર ચૂંટણી વખતે પ્રજામત બૂમરેંગ પણ થઈ શકે ! આગામી દિવસોમાં જયારે ઘણા બધા રાજયોમાં વિધાનસભાની ચૂંટણીઓ આવી રહી છે અને ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં મોદી વિરુદ્ધ મહાગઠબંધન રચવાના મુદ્દે કેજરીવાલ નિર્ણાયક ભૂમિકા ભજવી શકે એવી શક્યતા હોઈ એમને આગોતરો ફટકો મારી વડાપ્રધાને 'પહેલો ઘા રાણા'નો ફટકારી રણશિંગુ ફૂંકી દીધું છે. લાલુ યાદવથી લઈ કેજરીવાલ સુધીના નેતાઓ પર સકંજો કસવામાં સફળ રહેલા વડાપ્રધાન મોદી રાહુલ ગાંધીને પણ નેશનલ હેરાલ્ડ કેસમાં અદાલતનાં ચક્કર મારતા કરશે એવી 'અપેક્ષા' અસ્થાને નથી!

# રોગનો ભરડો

## તન દુરસ્તી



મહેન્દ્ર ગજ્જર
ડો. દિનેશ રાઠોડ

ગયા અંકમાં શરદીથી માનવ જીવન કેવી રીતે પ્રભાવિત થાય છે એ વિશે થોડી ચર્ચા કરી. સામાન્ય રીતે શરદીમાં લોકો ખૂશખુશાલ હોય છે. કારણ કે શિયાળામાં લોકોને રોગ ખૂબ ઓછા થતાં હોય છે. ખોરાકમાં શરદીના હિસાબે તાપમાન ઓછું હોવાને લીધે બેક્ટેરીયા લગભગ ઓછા પ્રમાણમાં અસર કરતાં હોય છે. એટલે કે એમનો વિકાસ ઓછો થતો હોય છે. તેથી માનવજીવનને રોગ ઓછા થાય છે. એવી રીતે જ અમેરિકા, કેનેડા, નેધરલેન્ડ, નોર્વે વગેરેમાં ખૂબ જ શિયાળામાં બરફ વડે છે, ઘર અને રસ્તા લગભગ બરફથી છવાયેલા રહે છે. માઈનસ ૧ સે. થી માઈનસ ૧૫ સે. સુધીના વાતાવરણમાં બેક્ટેરીયા તો શું માનવજીવન પણ અઘરું હોય છે. તેને લીધે રોગ બહુ જ ઓછા પ્રમાણમાં જોવા મળે છે. જોકે, વાયરલ ઈન્ફેકશન ત્યાં પણ માઝા મૂકે છે પણ ત્યાંની સરકાર શરદીને લગતી રસી અને રસીકરણ ઉપર ખૂબ જ ભાર મૂકતી હોય છે. ત્યાંની પ્રજા શિયાળાને ઉનાળા કરતાં વધારે પસંદ કરે છે. કારણ કે ૨૦ ઉપર તાપમાન જાય ત્યારે તે લોકો ગાંડા જેવા થઈ જાય છે અને ૨૯ થી ૩૬ની આજુબાજુ તો લોકો કપડા કાઢી નાખી રોડ ઉપર ફરતા થઈ જાય છે, એવું બધાએ ટી.વી.માં જોયું જ છે એમાં કાંઈ નવું નથી. અને એ વખતે ત્યાં રોગચાળો પ્રમાણમાં વધારે પડતો જોવા મળે છે. હવે, વાત કરીએ ભારતની ભારતમાં ઉનાળામાં વાતાવરણ ૩૦ થી ૪૦ ડીગ્રીની વચ્ચે રહેતું હોય છે. કોઈ વખતે ૪૦ ડીગ્રીથી ઉપર પણ જતું હોય છે. અને એમાં હવામાનમાં જો ભેજ ભળે તો બેક્ટેરીયા, વાયરસ જેવાં રોગો વધારે પ્રમાણમાં થાય છે અને એમાં જો ગંદકી હોય તો તો શું કહેવું. બેક્ટેરીયા વાયરસ, માંકડ-મચ્છર માટે વાતાવરણ સ્વર્ગ કરતાં પણ વધારે અનુકૂળ હોય છે. મનફાવે એમ બેક્ટેરીયા ઉગે છે અને એ ઉગેલા બેક્ટેરીયાની અસર પાણીમાં, ખોરાકમાં, હવામાં, ઘરમાં બધી જ જગ્યા ઉપર જોવા મળે છે. આપણા દેશમાં સામાન્ય રીતે લોકો સમજદાર છે, બધાને બધી ખબર છે, ચોરી કર્યા પછી શું થાય એ પણ ખબર છે, ખૂન કર્યા પછી શું થાય એ પણ ખબર છે. છતાં પણ લોકો ચોરી કરે છે અને ખૂન પણ કરે છે. હશે એમની સૌની મજબૂરી હશે પણ સત્ય તો આજ છે.

એવી જ રીતે જે જે જગ્યા ઉપર ચોખ્ખાઈ રાખવી જોઈએ એ નથી રાખતા અને તેને લીધે બેક્ટેરીયા, વાયરસ, માંકડ-મચ્છરનો પગપેસારો ઘણો વધી જાય છે અને પરીણામે મનુષ્યમાં એટલે કે સમગ્ર જાતમાં વિવિધ પ્રકારના રોગ જોવા મળે છે. જેમ કે, સાદો દાખલો વાયરલ ફીવર એટલે કે વાયરસથી થતો તાવ. અસંખ્ય પ્રકારના વાયરસ હોય છે અને તેને લીધે અસંખ્ય પ્રકારના વાયરલ રોગ જોવા મળે છે. મચ્છરો પોતાનું ધાર્યું કરતાં હોય છે, ચોખ્ખા પાણીમાં મચ્છર, ગંદા પાણીમાં મચ્છર અને તેને લીધે મેલેરીયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા જેવાં અસંખ્ય રોગો જોવા મળે છે. ખાસ કરીને ખાવાની પીવાની વસ્તુઓને લીધે જેમાં ચોખ્ખાઈ ખૂબ જ પ્રમાણમાં ઓછી હોય છે તેને લીધે ટાઈફોઈડ અને ઝાડા-ઉલટીના કેસ અને રોગ અસંખ્ય પ્રમાણમાં થાય છે. લોકો ત્રાસી જાય છે, દયાની ભીખ ભગવાન પાસે માંગે છે પણ હકીકત એ છે કે આપણે લોકો જાગીએ છીએ, બધાને ખબર છે છતાં પણ ગંદકી છોડતા નથી. જેમ કહેવાય છે ને કે એક જણ દૂધની જગ્યાએ પાણી નાખશે તો શું બગડવાનું હતું. પણ બીજા દિવસે આખો હોજ પાણીથી જ ભરેલો હોય છે. બહુ ઓછા લોકો દૂધ નાખવામાં માનતા હશે એવું જ અહીયાં થાય છે. બધા જ માણસો બધુ સમજે છે છતાં આમ મારું કામ નથી, આ સરકારનું કામ છે, સરકારના માણસો રાખેલા જ છે, જેમને ટેક્સ ભરીએ અને એ બધા આ ચોખ્ખાઈનું કામ કરશે એવી ભાવનાથી અને એવા મિજાજથી દાદાગીરીથી આપણે કોઈ ચોખ્ખાઈનું કામ કરતાં નથી અને પરિણામે આપણે આપણા પરિવારજનો, આપણા કુટુંબીજનો અને આખો ય દેશ રોગના ભયંકર ભરડામાં ફસાઈએ છીએ. ભગવાન દરેકને સદ્ બુદ્ધિ આપે. અને ભગવાન તો કહે છે હું ક્યારેય તમને ચોખ્ખાઈનું મદદ કરવા નહીં આવું. એ તમારે જ કરવી પડશે. અને ચોખ્ખાઈ નહીં રાખીએ તો દુઃખના દિવસો દૂર નથી. આ એટલા માટે કહેવું પડે છે કે હવે થોડાક જ સમયમાં શરદી જશે અને ઠંડી અને ગરમીની વચ્ચેની સિઝન આવશે. જેમાં મોટા મોટા રોગ થવાની શક્યતા બહુ રહેલી છે. હજુ, પણ સમજીએ પોતાનું ઘર, પોતાનું આગણું ચોખ્ખું રાખવા માટે પ્રયત્ન કરીએ જેના હિસાબે આપણું અને આપણા સમાજનું ભલું થાય. બસ એ જ પ્રાર્થના... અહીં વીરમું છું..

- sgpathlab@gmail.com

# ધ્રાંગધ્રા : આ શહેરે મને પ્રેમ કરવાની અને નિભાવવાની હિંમત આપી છે

## મોરપીંછના રંગ



ડો. કનૈયાલાલ ભટ્ટ

'ધ્રાંગ' એટલે પથ્થર અને 'ધરા' એટલે ધરતી, જમીન. ધ્રાંગધ્રા ભલે પથ્થરોની ધરતીનું શહેર ગણાતું હોય પણ એનો સ્વભાવ મીઠ્ઠાપાણીના ઝરણા જેવો અને વ્યવહાર દરિયાના કાંઠે ઉછળતા મોંજા જેવો છે. પહેલી જ નજરે આ શહેર ઉપરથી ભલે પથરીલું ને રૂખું સુકું લાગે પણ અહીં વસતા માનવીઓના મન એકદમ કોમળ છે.

કચ્છ પછીના સૌથી વધુ તીવ્ર જોખમી ભૂકંપ જોન ૪' ના પટ્ટા પર સ્થિત આ ધ્રાંગધ્રા શહેર એની ભવ્ય ઐતિહાસિક વિરાસત ધરાવે છે. ઈતિહાસની દૃષ્ટિએ જોઈએ તો ધ્રાંગધ્રા રાજ્યની રાજધાની ઈ.સ. ૧૭૮૩માં રાજા રાજ જશવંતસિંહજી (બીજા) એ સ્થાપી. એ અગાઉ આ રાજધાની હળવદ સ્થિત હતી. ૧૫૧ ગામોમાં ફેલાયેલી આ સત્તા – વિરાસતે અનેક ઉત્તમ અને વીર રાજાઓ આપ્યા છે. રાજ રાયસિંહજી (બીજા) રાજ રાજસિંહજી (બીજા) રાજ જશંવતસિંહજી (બીજા) રાજ રાયસિંહજી (ત્રીજા) રાજ અમરસિંહજી (બીજા) રાજ રણમલસિંહજી (બીજા) રાજ માનસિંહજી (બીજા) રાજ અજિતસિંહજી, રાજ ઘનશ્યામસિંહજી, રાજ મેઘરાજસિંહજી (બીજા) ઈ.સ. ૧૭૩૦થી ૧૯૪૭ સુધીની આ રાજાશાહી પરંપરાએ આ ધરતીનું ગૌરવ વધાર્યું છે.

આ શહેરની એક ઓળખ એના ઉદ્યોગો પણ છે. ઈ.સ. ૧૯૨૯માં રાજ ઘનશ્યામસિંહજી અને દીવાન માનસિંહજી દ્વારા દ્વારા સ્થપાયેલ 'શક્તિ આલ્કલી વર્કસ' આજે 'ડી.સી.ડબલ્યુ' (ધ્રાંગધ્રા કેમિકલ વર્કસ ) ના નામે એશિયાના પ્રથમ નંબરના ક્વૉલિટી સોડાએશ બનાવતું કારખાનું હોવાનું ગૌરવ ધરાવે છે. કેમ કે અહીં આસપાસના બજાણા વિસ્તારની ખારાપટ્ટાની જમીનમાં મીઠાનું થતું ભરપુર ઉત્પાદન આ ઉદ્યોગનો પ્રાણ છે. અહીં મીઠું ઓગાળીને કણીદાર સોડા બનાવાય છે જ્યારે અન્ય વિશ્વભરમાં દરિયાના ખારા પાણીમાંથી મીઠું બનાવાય છે. જે સ્વાસ્થ્યને હાનિકારક પણ હોય છે. ધ્રાંગધ્રામાં કાલા-કપાસનો ઉદ્યોગ પણ આજે ધમધમે છે. જુના જમાનામાં માત્ર તાંબા – પિત્તળના વાસણોથી સજ્જ 'કંસારા બજારે' આજે સ્ટીલના વાસણો વેંચીને આ બજારની હયાતિ જાળવી રાખી છે.

ધ્રાંગધ્રાની વિશ્વભરમાં સૌથી મોટી ઓળખ બની હોય તો તે અહીંની '' શિલ્પ સ્થાપત્ય કલા '' થી બની છે. પથ્થરોની ધરતીમાંથી પાંગરેલી આ કલા દ્વારા ધ્રાંગધ્રાના સોમપુરાઓએ વિશ્વભરમાં ખ્યાતિ મેળવી છે. નિર્જીવ પથ્થરોમાં પ્રાણ પુરવાની કલાથી આખા વિશ્વમાં આ ધરતીનું ગૌરવ વધાર્યું છે. જેમાં વિશાળ અને ભવ્ય મંદિરો, મસ્જિદો, દેરાસરો, વિશાળ કલાત્મક રાજ મહેલો, ભવ્ય કિલ્લાઓ, અનેક જીવંત પ્રતિમાઓ, વાવ, ચબૂતરાઓ જેવા અનેક ઉત્તમ નમૂનાઓ વિશ્વભરમાં પથરાયેલા છે. ધ્રાંગધ્રાના સોમપુરા કલાકારોની કલાના વૈશ્વિક ખ્યાતિ પ્રાપ્ત નમૂનાઓ જોઈએ તો - ગાંધીનગર પાસે રહેલી અડાલજ વાવ, અમદાવાદની સીદી સૈયદની જાળી, પાટણની રાણકી વાવ, મોઢેરાનું સૂર્ય મંદિર, વડોદરાનો ભવ્ય રાજમહેલ, હળવદ અને મૂળીના રાજમહેલો, મંદિરો, સિદ્ધપુરનો વિશ્વ પ્રસિદ્ધ રૂદ્ર મહાલય, અમદાવાદની ઉસ્માનપુરાની મસ્જિદ, વગેરે ધ્રાંગધ્રાના પથ્થર અને સોમપુરાઓની કલાના આરાધ્યો છે. માઉન્ટ આબુના દેલવાડાનાં દેરાં, સોમનાથ મંદિર, અંબાજી મંદિરના જિર્ણોધ્ધારમાં ધ્રાંગધ્રાના પથ્થરો અને સોમપુરાઓનું ટાંકણ સૌન્દર્ય ઠેર ઠેર અંકિત થયેલું છે. આ ઉપરાંત મુંબઈ, કોલકત્તા, ચેન્નઈ, દિલ્હી, ઈંગ્લેડ, અમેરિકા જેવા અનેક દેશોમાં પણ આ ધરાના પથ્થરો અને કલાકારોની કલાનું સૌન્દર્યગાન આજે અને સદીઓ સુધી ગૂંજતુ રહેશે.


પથ્થરની કલાની સાથે સાથે અહીં શબ્દ, શિક્ષણ, સંસ્કાર અને સંસ્કૃતિની કલાઓ પણ સમયાંતરે વિકસી છે. મારું ધોરણ ચારથી પીએચ.ડી સુધીનું સમગ્ર શિક્ષણ અહી જ થયું છે. કેળવણી મંડળ – બોયઝ હાઈસ્કૂલ અને અહીની આ કૉલેજે મને શિક્ષણની સાથે સાથે સંસ્કાર અને જીવન જીવવાની નવી ઊર્જા પણ આપી છે. અહીંના મારા શિક્ષકો શ્રી બલુભાઈ ઠાકર, ભૂપતભાઈ ઠાકર, રમેશ નિમ્બાર્ક, ડૉ. રમણિકલાલ મારુ વગેરેએ મને શિક્ષણ અને સાહિત્યના પિયૂષ પાયા છે.

સાહિત્યિક ક્ષેત્રે ધ્રાંગધ્રાનું નામ આજે ગૌરવભેર લેવાય છે. ઈ.સ. ૧૮૯૩માં પંડિતયુગમાં ધ્રાંગધ્રાના ગોકળદાસ લાલચંદ શાહની પ્રગટ થયેલી નવલકથા 'શુકનપ્રભા ચરિત્ર' થી લઈને આજ સુધીના ૧૨૪ વર્ષના ગાળામાં આ ધરાએ અનેક સર્જકો આપ્યા છે. જેમાં પ્રેમશંકર ભટ્ટ, પુષ્કર ચંદરવાકર, ભૂપત વડોદરિયા, ડૉ. હસુ યાજ્ઞિક, ડૉ. નાગજીભાઈ ભટ્ટી, ડૉ. રમણિકલાલ મારુ, ભૂપતરાય મો. ઠાકર, ડૉ. એસ. એસ. રાહી, ડૉ. કનૈયાલાલ ભટ્ટ આ સૌ સર્જકોએ ગુજરાતી સાહિત્યમાં નોંધપાત્ર પ્રદાન કરીને આ શહેરનું નામ ઉજ્જવળ કર્યું છે. શબ્દની સાથે સાથે અહીં સૂર અને લયના પણ મીઠ્ઠા ઝરણાઓ વહ્યા છે. આ પથ્થરની ધરામાં રાજાશાહીના સમયથી સંગીતના સૂરો ગૂંજતા રહ્યા છે. ઈ.સ. ૧૮૫૬માં તત્કાલીન રાજા રાજ રણમલસિંહજીના આગ્રહથી જામનગરના સંગીતજ્ઞ શ્રી કાનજી ભટ્ટને ત્યા ના જામ વિભાજી પાસેથી વિશેષ રીતે આગ્રહ કરીને ધ્રાંગધ્રા બોલાવીને રાજગાયકનું પદ આપેલું. ૨૬ વર્ષના આ સંગીતજ્ઞએ પોતાના સંગીતના સ્વર, સૂર અને તાલથી સમગ્ર પંથકને પ્રેમભક્તિરસમાં તરબોળ કરીને પેઢીઓ સુધી ચાલે એવી પરંપરાનો પાયો નાખ્યો હતો. તો વળી એ વખતે મીર અને લંધા પરિવારોએ પણ સંગીત ક્ષેત્રે સૂર અને સ્વરની સાધના કરી છે. પ્રેમશંકર ભટ્ટ, ભગવતી પ્રસાદ ભટ્ટ, સર્જક દેવશંકર મહેતાના પિતાશ્રી કાશીરામ મહેતા, શ્રી ખોડિદાસ સોમપુરા, શ્રી મૂળવંતરાય ભટ્ટ, મનુભાઈ ભટ્ટ, હસમૂખભાઈ વોરા, સુલતાન રૂદાતલા, મહેન્દ્રભાઈ દંગી અને ડૉ. મેહુલ શેઠ, આ સૌએ સંગીતના વિવિધ રાગો, વાજિંત્રો, સ્વરો, તાલ – લય અને ગાયકી દ્વારા આ શહેરને સંવેદનશીલતા અને શાંતિનો અનુભવ કરાવ્યો છે.

**(ક્રમશઃ)**

# આઓ 'બ્લોગ' કરે...!!!

## રઝળપાટ



અજય ઉપાધ્યાય

તમારામાં લખવાનું ટેલેન્ટ છે.......કશુક વ્યક્ત કરવાનું ઝનુન છે.....! જગતને, દુનિયાને, દોસ્તોને કશુક કહેવું છે ? ...કોઈ બનાવ, ઘટના, વ્યક્તિ કે સંજોગો પર કશીક ટીપ્પણી કરવી છે?...શું તમને એમ લાગે છે કે છાપાઓ, મેગેઝીનોમાં લખતા કોઈ કટારલેખક કરતા તમે સારું લખી શકો છો ? તમને એમ લાગે છે કે તમારે કશુક અભિવ્યક્ત કરવું છે... કહેવું છે...વ્યક્ત કરવું છે... પબ્લીશ કરવું છે...રજુ કરવું છે...! પછી ચાહે એ કવિતા હોય...લખાણ હોય...ચિત્ર હોય કે પછી કોઈ અભિપ્રાય હોય...! જો લખાણ હોય કે પછી તમારી કોઈ આવડત વિષે વાત કરવી હોય તો સ્વાભાવિક છે કે તમારે કોઈ છાપું કે મેગેઝીનમાં એ લખાણ છપાવું પડે અથવા તો ફેસબુક જેવા માધ્યમો પર રજુ કરવું પડે...પણ જો આ કોઈ છાપાવાળો હાથ ના ઝાલે કે પછી ફેસબુક જેવા માધ્યમ પર પ્રાયવસી ના જળવાય એવા સંજોગોમાં તમે તમારું પોતાનું છાપું કે પછી નેટપેજ શરુ કરીને કોઈની પણ સાડીબાર રાખ્યા વગર તમને ગમે તે અભિવ્યક્ત કરી શકો છો...! કૈસે...? તો એનો એકદમ સરળ અને સસ્તો ઉપાય છે બ્લોગ...!

હાલતા ને ચાલતા લોકો બ્લોગની લીંક શેર કરતા રહેતા હોય છે એ જોઈને ઘણાને પ્રશ્ન થતો હશે કે સાલું આ બ્લોગ કઈ બલા છે ? છે શું આ બ્લોગ ? ઈન્ટરનેટનો વપરાશ કરતા લોકો તો બ્લોગ નામની આ બલાથી વાકેફ જ હશે. બ્લોગ એ હકીકતે એવી એક વેબસાઈટ છે જેના પર તમે વ્યક્તિગત રીતે કે પછી કોઈ એક ગ્રુપ બનાવીને પણ પોતાના અભિપ્રાયો, વિચારો કે પછી તમારી પાસે રહેલી કોઈ પણ પ્રકારની માહિતીને પબ્લીશ કરી શકો છો એટલે કે રજુ કરી શકો છો. સાદી ભાષામાં સમજાવું તો બ્લોગ એ એક પ્રકારની ડાયરી છે કે જેમાં તમે કઈ પણ લખી શકો છો, ફોટા અપલોડ કરી શકો છો, તમારા વિચારો વ્યક્ત કરી શકો છો, બ્લોગ માં કંપનીની માહિતી કે જાહેરાત હોઈ શકે છે, રોજના તાજા સમાચાર કે પછી ઘણા બ્લોગમાં બ્રેકીંગ ન્યુઝ પણ મુકાતા હોય છે તો ઘણા બ્લોગ્સ ઓનલાઈન સ્ટોર પણ હોઈ શકે છે, ટૂંકમાં બ્લોગ કોઈ એક માણસનો કે કોઈ કંપનીનો કે કોઈ ગ્રુપનો હોઈ શકે છે, અને હા બ્લોગ લખવાનો કોઈ નિયમ નથી મતલબ કે જરૂરી નથી કે બ્લોગ રોજે લખાય જ...એ તો જ્યારે મન થાય ત્યારે લખી શકો અને પબ્લીશ કરી શકો.. બ્લોગ લખ્યા પછી જે લોકો તમારો બ્લોગ વાંચે કે જેને ફોલોવર કહેવાય છે એ લોકો વાચ્યા પછી એ લખાણ વિષે કે માહિતી વિષે તમને ઓપીનીયન આપે..કોમેન્ટ કરે...ઘણાને ગમે તો વખાણ કરે, ના ગમે એ ટીકા કરે. ટૂંકમાં એક એવું વર્તુળ બને કે જેમાં અને જેની સાથે તમે વિચારોની આપલે કરી શકો...!

૨૩ ઓગસ્ટ,૧૯૯૯માં ઈવાન વિલિયમ, સૌપ્રથમ બ્લોગને અસ્તિત્વમાં લાવ્યા. જો કે 'વિબ્લોગ' એવા શબ્દનો ઉપયોગ એનાથી પણ પહેલા જોર્ન બર્ગરે ૧૯૯૭માં કર્યો હતો. જેના પરથી અંતે 'બ્લોગ' એવો ફેમસ શબ્દ મળ્યો. ૨૦૦૩માં ગૂગલ દ્વારા આ બ્લોગના રાયટ્સ ખરીદી લેવાયા અને એને સ્વરૂપ મળ્યું બ્લોગસ્પોટ.કોમ. પહેલા, બ્લોગમાં ઈમેજને લીંક કરી શકાય એવી સુવિધા પૂરી પાડવામાં આવી અને પછી તો ધીમે ધીમે ટેમપ્લેટસ, પોસ્ટ્સ એટલે કે ઈન્ફોર્મેશન, લેખ કે પછી વ્યક્તિગત વિચારો રજૂ કરી શકાય એવી વિશેષતા ઉમેરાતી ગઈ. હવે તો પબ્લીશ થયેલી પોસ્ટ પર વાંચનાર લાઈક કે કોમેન્ટ કરી શકે એવી સુવિધાઓ આમ થઈ ગઈ છે. જે વ્યક્તિ બ્લોગ લખે છે એને બ્લોગર કહેવાય. પહેલા ફક્ત અંગ્રેજીમાં જ લખાતો બ્લોગ હવે તો દુનિયાભરની બધી જ ભાષાઓમાં લખાતો થઈ ગયો છે. ભારતમાં ઉપયોગમાં લેવાતી ભાષાઓની જ વાત કરીએ તો હિન્દી, ગુજરાતી, ઈંગ્લીશ, મલયાલમ, મરાઠી, કન્નડા, તેલુગુ, તમિલ, બંગાળી વિગેરે જેવી ઘણી ભાષામાં લખાય છે !

હવે તો બ્લોગ બનાવવો ખુબ જ સરળ છે અને એટલું જ સરળ છે બ્લોગને પૂરતા ફોલોવર મળે એ જોવું પણ કેમકે તમે સોશિયલ સાઈટો પર તમારા બ્લોગની લીંક શેર કરીને લોકોને બ્લોગને ફોલો કરવાનું આમંત્રણ આપી શકો છો. પણ હા ફ્લોવર ત્યારે જ મળવાના અથવા તો નિયમિત ફોલોવર ત્યારે જ હોવાના કે તમારા બ્લોગનું કન્ટેન્ટ ખુબ જ અલગ અને ઉમદા હોવું જોઈએ. નહિતર એકવાર વિઝીટ કરીને ગયેલો વિઝીટર બીજી વાર તમારા બ્લોગના આંગણે પગ મુકવાનો નથી એ પાક્કું...! બ્લોગ એ અભિવ્યક્તિનું માધ્યમ છે તો સ્વાભાવિક છે કે એ શબ્દો કે જેનાથી અભિવ્યક્તિ રજુ થઈ રહી છે એ પણ બ્લોગરના જ હોવા જોઈએ નહિ કે બીજા કોઈના...! હા બીજાની માહિતી બ્લોગમાં મુકવા સમયે એ આખીયે કન્ટેન્ટ પારકી થઈ ગઈ કહેવાય. ફલાણાનો બ્લોગ છે એટલે મારો પણ હોવો જોઈએ એવું મિથ્યાભિમાન કે જક્ક એ શરૂઆત પુરતુંઠીક છે પણ એવી માનસિકતાવાળો બ્લોગ બહુ ટકતો નથી. કેમકે બ્લોગ વધુ લોકો સુધી પહોંચે એ માટે ખાસ તો તમે જે વિષય પર બ્લોગ કે બ્લોગ પોસ્ટ મૂકી રહ્યા હોવ એ વિષય જરા બીજાથી જુદો હોવો જરૂરી છે નહીતર થશે શું કે બ્લોગ જગતમાં એકને એક વિષયવસ્તુ કોઈ વાંચતું નથી...ને હીટ ના અભાવે અનેકો બ્લોગનું બાળમરણ થઈ ગયાના દાખલાઓ પણ છે જ...!

બ્લોગ તો હવે માઉસની ક્લિક પર વર્ડપ્રેસ કે બ્લોગર કે બીજી કોઈ મફત બ્લોગ બનાવી આપતી સાઈટો પર જવાથી બની જશે પણ વો બ્લોગ ચલાને કે લિયે જનુન ચાહિયે...! અમિતાભનો બ્લોગ જોઈને એ સ્ટાઈલમાં બ્લોગ ચલાવવા જઈએ તો પછડાઈ જઈએ કેમકે બ્લોગ એ મૌલિક હોવો જોઈએ અથવા તો બ્લોગનો ઉપયોગ ફક્ત ને ફક્ત તમારી આવડતને શોકેસ કરવામાં વપરાવો જોઈએ. ઘણા લોકો જનુન જનુંનમાં અને ખાસ તો મફત મળતું હોવાથી હોંશે હોંશે બ્લોગ તો શરુ કરી દે છે પણ પછીથી આવા બ્લોગો ચેક કરો તો ખબર પડે કે ભાઈ કે બહેન પાસે રજુ કરવા જેવું કશું છે જ નહિ અને એટલે આવા બ્લોગો મહદઅંશે કોઈ બીજા પરની ટીકાઓ કે ગામથી ઉંધા વિચારો વ્યક્ત કરવાનું માધ્યમ બની જતા હોય છે અને સરવાળે ડોટની દુનિયામાં અમથે અમથું એક એડ્રેસ બ્લોક થઈને પડ્યું રહે છે...! ઓકે આવું ના થાય એવું ઈચ્છતા હોવ અને બ્લોગ શરુ કરવા જઈ રહ્યા હોવ તો આ રહી થોડી ઉપયોગી ટીપ્સ...! સૌપ્રથમ તો પૂરી ધીરજથી બ્લોગનો શુભારંભ કરો, જેના વિષે ટપ્પો પણ ના પડતો હોય એવા વિષયોથી દુર રહો...! બીજાની સામગ્રીની નકલ કરવા કરતા કશુક મૌલિક અને તમારું પોતાનું લખો કે રજુ કરો. કોઈ વિષય પર લખો તો એનું શીર્ષક આકર્ષક અને અસરદાર રાખો, કેમકે અંતે તો ટાઈટલ જ સર્ચ થવામાં આવશે ને...! બ્લોગની ડીઝાઈન સાદી અને સિમ્પલ રાખો કેમકે તમારી ડીઝાઈન નહિ પણ કન્ટેન્ટ જ કિંગ રહેવાનું..! બ્લોગ પોસ્ટ પર આવતી બધી કોમેન્ટનો જવાબ દેવાની ટેવ રાખો પછી ચાહે ભલે ને કોઈ કોમેન્ટમાં ટીકા કેમ નથી...! કોઈ વિઝીટરનો બ્લોગ હોય તો એને ફોલો કરો કેમકે આખરે તો આ એક એવો જ્ઞાન અને માહિતી સાગર છે કે એમાં જેટલું વધારે તરશો એટલી વધારે બ્લોગીંગ વિષે સમજ આવતી જશે અને હા લાસ્ટ બટ નોટ લીસ્ટ કે તમારા બ્લોગની લીંક અચૂકપણે તમારા સોશિયલ મીડિયા પર શેર કરતા રહો... કેમકે આખરે વિઝીટર્સ જ તો તમને વધુ ને વધુ બ્લોગ પોસ્ટ મુકવા માટે થતા ઝનુન માટે ખુબ જરૂરી છે જ...! તો કરો શરુ બ્લોગીંગ અને વહેવા દો તમારા વિચારોને મુક્ત 'વેબ' ગગનમાં...!